કેસરીયો રંગ તને લાગ્યો ઓલ્યા ગરબા, કેસરીયો રંગ તને લાગ્યો રે લોલ.....

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૦૨ | ૩ ઓકટોબર, ૨૦૧૪, શુક્રવાર; આસો સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ







ગાંધીનગર, તા.૨ સમગ્ર ભારત દેશમાં તા. ૨ જી ઓકટોબર, ૨૦૧૪, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી -ેરિત સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનનો મુખ્ય હેતુ સમગ્ર દેશમાં સ્વચ્છતાનો સંદેશ ગુંજતો કરી, તમામ શહેર- નગર- ગામો, દરેક જાહેર સ્થળો, સરકારી કચેરીઓ અને તમામ સ્થળે સ્વચ્છતાલક્ષી સુદર વાતાવરણ નિર્માણ કરવાનો છે.

આજરોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજયના મુખ્ય સચિવ શ્રી વરેશ સિંહાએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની -તિમાને પુષ્પ અર્પણ કરી, સૂતરની આંટી પહેરાવી સ્વચ્છતા અભિયાનનો -ારંભ કરાવ્યો હતો. તેઓશ્રીએ સ્વચ્છતા અભિયાનનો હાર્દ સમજાવતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા મહાત્મા

● અનુસંધાન પાન-૭ પર

## રાજપૂત સમાજના ૩૯માં ‘વિજયા દશમી મહોત્સવ’ની ઉજવણી - શસ્ત્રપુજન

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર તથા શ્રી ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ક્ષત્રિય - રાજપૂતોના ઈતિહાસ, શૌર્ય અને શક્તિના પ્રતિક એવા મુખ્ય તહેવાર દશેરાનો ‘૩૯મો વિજયા દશમી મહોત્સવ’ની ઉજવણીનો જાહેર કાર્યક્રમ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ છે. જેમાં સમુહ શસ્ત્ર પુજન, સરસ્વતી પુજન, મહાઆરતી અને કોમ્પ્યુટર, લાયબ્રેરી પુજન શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે શાસ્ત્રીજી દ્વારા રાખેલ છે. જેમાં રાજપૂત સમાજના તમામ ભાઈઓ પોતાના શસ્ત્રો ઘરેથી લઈને તથા માથે સાફો ધારણ કરીને પોતાના પરિવાર સાથે આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અને કાર્યક્રમને સફળ બનાવવા માટે જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ.

**તારીખ :** ૩/૧૦/૨૦૧૪ શુક્રવાર, બપોરે ૩-૦૦ કલાકે
**શુભસ્થળ :** બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર.

# આજે રૂપાલમાં પ્રસિદ્ધ પલ્લીનો મેળો

### મધ્યરાત્રિએ પલ્લીના રથનું પરંપરાગત પૂજન અર્ચન કર્યા બાદ પલ્લીયાત્રાનો પ્રારંભ થશે અને વહેલી સવારે પલ્લી વરદાયિની માતાના મંદિરે પહોંચશે

ગાંધીનગર, તા. ૨

જગતજનની મા વરદાયિનીના પ્રાંગણમાં યોજાતા પલ્લી મેળાની તૈયારીઓ આજે પૂર્ણ થઈ ગઈ છે. જગ વિખ્યાત રૂપાલના પલ્લી મેળામાં ભાગ લેવા આજે સવારથી જ માઈભક્તોએ રૂપાલમાં આવવાનો પ્રારંભ કરી દીધો છે.

નવમા નોરતે યોજાતા પલ્લીના આ મેળા માટે ગાંધીનગર, અમદાવાદ, કલોલ, માણસાથી ખાસ બસો દોડાવવામાં આવનાર છે. અંદાજે ૮ લાખથી વધુ માઈભક્તો આજે મેળામાં ભાગ લેશે.

મધ્યરાત્રિએ પલ્લીના રથનું પરંપરાગત પૂજન અર્ચન કર્યા બાદ પલ્લીયાત્રાનો પ્રારંભ થશે અને વહેલી સવારે પલ્લી વરદાયિની માતાના મંદિરે પહોંચશે. ૨૭ સ્થાનો પર તે વિરામ લેશે. આ ૨૭ સ્થાનો પર માઈભક્તો દ્વારા પોતાની બાધા-આસ્થાઓ પૂર્ણ કરી શકશે.

જિલ્લા તંત્રએ મેળા માટે ગાંધીનગર કલેકટર કચેરી ખાતે એક ખાસ કંટ્રોલરૂમ કર્યો છે. આ માટે ૧૦ થી વધુ નાયબ મામલતદારો રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવશે. આ ઉપરાંત આજે મંદિરના મુખ્ય વહીવટદાર અને મામલતદારશ્રી મોદી, પ્રાંત અધિકારી શ્રી સુધીર પટેલ સહિતના અધિકારીઓએ રૂપાલની મુલાકાત લીધી હતી.

આ પલ્લીના મેળામાં આરોગ્ય સેવાના ચાર પોઈન્ટ ઉપરાંત પ્રા.આ. કેન્દ્ર ૨૪-૭ ચાલુ રખાશે. પોલીસનો પણ પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ટ્રાફિક નિયમન માટે પાર્કિંગ તેમજ ડાયવર્ઝન અપાયા છે.

ગાંધીનગર જિલ્લાના આ જગપ્રસિદ્ધ મેળામાં પલ્લી પર લાખો મણ ઘીનો અભિષેક થશે. આ માટે આજથી ગામમાં ઠેર ઠેર ઘી ના એકત્રીકરણ માટે વાસણો રાખવામાં આવ્યા છે. અહિ મંદિરમાં દર્શને આવનાર માઈભક્તો માટે ખીચડી કડીના પ્રસાદની પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

## પ્રોબેશનલ ૧૧ પીએસઆઈને પણ રૂપાલ બંદોબસ્તમાં મુકાશે

ગાંધીનગર, તા. ૨

રૂપાલ પલ્લીમેળામાં લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. જેને લઈ વહીવટીતંત્રથી માંડીને પોલીસતંત્ર વિવિધ તૈયારીઓમાં લાગી ગયું છે. ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે પલ્લી મેળા ભરાશે ત્યારે આ બંદોબસ્તમાં નવા હાજર થયેલા ૧૧ પ્રોબેશનલ પીએસઆઈને પણ જોડવામાં આવ્યા છે. તો બીજી તરફ પલ્લી મેળામાં વિવિધ ૮ સ્થળોએ સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા છે.

સુપ્રસિદ્ધ રૂપાલ પલ્લી મેળાને લઈ લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ટ્રાફીકની અલાયદી વ્યવસ્થાની સાથોસાથ મુખ્ય પ્રવેશ દ્વારો

● અનુસંધાન પાન-૭ પર

શ્રી ૧।
॥ શ્રી ગણેશાય નમઃ ॥
ખુશ ખબર... ખુશ ખબર...
ગાંધીનગરના રહીશો માટે ખુશ ખબર.. આજે જ પધારો
આ દિવાળીના ખાસ ખુશ-ખબર
દશેરાના શુભ દિવસ આપના વિસ્તારમાં
રસાસ્વાદનો રસથાળ લઈને ખુલી રહી છે.
સચિવાલય જીમ- ખાના રેસ્ટોરન્ટ
● સ્થળ ●
સચિવાલય જીમ-ખાના,
સેક્ટર-૨૧, ગાંધીનગર.
જ્યાં આગળ રેસ્ટોરન્ટ, પાર્ટી પ્લોટ, બેન્કવેટ હોલ,
ગાર્ડન રેસ્ટોરન્ટ બધીજ સુવિધા એકજ જગ્યા પર અને સાથે
● ઈન્ડિયન ફુડ ● ચાઈનીસ ● કોન્ટીનેન્ટલ ● ફોઝન રેઝર્ટ
● તથા ગુજરાતી પાર્ટી હોય કે બર્થ ડે પાર્ટી,
કીટી પાર્ટી કે ફેમીલીનો કોઈ પ્રસંગ આવો અમારે સંગ
મેનેજમેન્ટ બાય
મોહની કેટરર્સ
મો. ૮૩૪૭૫૫૬૮૦૨, ૮૩૪૭૦૦૬૫૩૦

# શહેરમાં સમાવિષ્ટ ગામ બહારના રસ્તાઓમાં સી.સી. રોડનું કામ હાથ ધરવા સર્વે કરાશે

### શહેરી વિસ્તારના ગામોમાં સી.સી. રોડનું કામ પૂર્ણ ગામ બહારના રસ્તાઓના મામલે અભ્યાસ કરાશે


ગાંધીનગર, તા. ૨ શહેરી વિસ્તારના ગામોમાં સી.સી. રોડનું કામ પૂર્ણ કરી દેવાયું છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારની બહારના રસ્તાઓનું કામ હજુ બાકી છે. આ મામલે દબાણ સહીતની સ્થિતિ ચકાસી સી.ટી.પી કક્ષાએથી આયોજન આખરી થયા બાદ બાકીનું કામ હાથ ધરવામાં આવશે.

શહેરી વિસ્તારના વિવિધ ગામોમાં દાયકાઓના અંતે પ્રાથમિક સુવિધાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ગટરના કામો ઉપરાંત સી.સી. રોડ બનાવવા પણ મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. શહેરી વિસ્તારના પાલજ, વાસણ, ધોળાકુવા, બોરીજ અને ઈન્દ્રોડા સહીતના ગામોમાં સી.સી. રોડ બનાવવાનું મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે હજુ આ ગામોના બહારના વિસ્તારમાં ઉપલબ્ધ રસ્તાઓને આ કામગીરી હેઠળ આવરી લેવાના બાકી છે. આ માટે દબાણ સહીતની જરૂરી સ્થિતિનો અભ્યાસ કરી આયોજન કરવુ પડે તેમ હોવાથી સી.ટી.પી.ને આખરી આયોજન અંગે રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારની બહારના રસ્તાઓ ઉપર સી.સી. રોડનું કામ હાથ ધરવા ગ્રામજનોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે બહારના રસ્તાઓને સુયોગ્ય કરવા આગામી દિવસોમાં આખરી આયોજન કરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. શહેરી વિસ્તારના ગામોમાં સી.સી. રોડ બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્ષ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : ત્રણે કેન્દ્રો તા.૧/૧૦/૨૦૧૪ થી ૨૩/૧૦/૨૦૧૪ સુધી વેચાણ ચાલુ રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧